# 6th India-EU Cyber Dialogue

December 17, 2020

## 6ઠ્ઠો ભારત-યુરોપીયન યુનિયન સાયબર સંવાદ

ડીસેમ્બર 17, 2020

છઠ્ઠા ભારત-યુરોપીયન યુનિયન સાયબર સંવાદનું વર્ચ્યુઅલ આયોજન 14 ડીસેમ્બર, 2020 નાં રોજ ભારતની યજમાનીમાં કરવામાં આવ્યું હતું. ભારતીય પ્રતિનિધિમંડળની આગેવાની વિદેશ મંત્રાલયનાં સાયબર ડીપ્લોમસી ડિવિઝનનાં સંયુક્ત સચિવ ડૉ. એસ. જાનકીરામન દ્વારા કરવામાં આવી હતી, જ્યારે યુરોપીયન યુનિયનનાં પ્રતિનિધિમંડળની અધ્યક્ષતા EEAS નાં સુરક્ષા અને સંરક્ષણ નિર્દેશક શ્રીમતિ જોઆનેકે બાલફૂર્ટ દ્વારા કરવામાં આવી હતી.

બન્ને પક્ષોએ સમકાલીન બાબતો, GGE, OEWG અથવા OSCE અને ARF પર સંબંધિત ચર્ચાઓ સમાવતા પ્રાંતિય સંસ્થાપનોમાં સંયુક્ત રાષ્ટ્ર મંચો પર સાયબરસ્પેસમાં સ્થિરતા પર બહુપક્ષીય અને પ્રાંતિય સહકાર; EU સાયબર ડિપ્લોમસી ટૂલબોક્સ; સાયબરક્રાઈમમાં સહકાર અને તેમાં ક્ષમતા નિર્માણ; સમકાલીન મુદ્દાઓ અને સાયબર નીતિઓ પરનાં મુદ્દાઓ; ઈન્ટરનેટ ગવર્નન્સ; નવી-ઉદ્ભવી રહેલી સાયબર-સંબંધિત ટેક્નોલોજીઓ વગેરેમાં સહકારનાં વિવિધ ક્ષેત્રોની ચર્ચા કરી હતી.

બન્ને પક્ષોએ વૃદ્ધિ અને નવીનીકરણ સક્ષમ બનાવતી ખુલ્લી, મૂક્ત, સુરક્ષિત, સ્થિર, શાંતિપૂર્ણ અને સુલભ સાયબર સ્પેસ તરફની તેઓની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી હતી. સાયબર સ્પેસનાં ઘણા મુદ્દાઓ પર બન્ને પક્ષોનાં દ્રષ્ટિકોણો એકસમાન હતા. તેઓએ તેઓએ સાયબર સ્પેસ અને તેનાં ગવર્નન્સમાં બન્ને સમાજોનાં મૂળભૂત મૂલ્યોનું અનુસરણ કરવાની જરૂરીયાતનો સ્વિકાર કર્યો હતો જેમ કે, કાયદાનું શાસન, લોકતાંત્રિક મૂલ્યો અને મૂળભૂત સ્વતંત્રતાઓ.

બ્રુસેલ્સમાં આગામી ભારત-યુરોપીયન યુનિયન સાયબર સંવાદ યોજવા બંન્ને પક્ષો સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**ડીસેમ્બર 17, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.